

# આપણી વાત

સંકલન : પ્રફુલ્લ રાવલ

## ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૮મા જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ

**તારીખ : ૧૯/૨૦/૨૧ ડિસેમ્બર-૨૦૧૪**

**યજમાન સંસ્થા : શ્રી ગુજરાતી સમાજ, ઇન્દોર (મ.પ્ર.)**

**પહેલી બેઠક, તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, સવારે ૧૧.૦૦થી ૧.૦૦**

**ઉદ્દ્ઘાટન બેઠક**

ગીત : સંગીતવૃંદ
સ્વાગત : પ્રમુખશ્રી (યજમાન સંસ્થા)
મંત્રીશ્રી (યજમાન સંસ્થા)
ઉદ્દ્ઘાટક / અતિથિ : –
અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ
પ્રમુખશ્રીનો પરિચય : શ્રી પ્રફુલ્લ રાવલ
પ્રાસંગિક : શ્રી રઘુવીર ચૌધરી, હર્ષ બ્રહ્મભટ્ટ
પરિષદનો અહેવાલ : શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી)
આભાર : શ્રી રાજેન્દ્ર પટેલ
સંચાલન : શ્રી પ્રફુલ્લ રાવલ

**બીજી બેઠક : તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૦૦**

**સર્જકનું પુનઃમૂલ્યાંકન : બકુલ ત્રિપાઠી**

અધ્યક્ષ : શ્રી હસિત મહેતા
(બકુલ ત્રિપાઠીના લલિત-હાસ્યનિબંધો)
અતિથિવિશેષ : શ્રી રતિલાલ બોરીસાગર
બકુલ ત્રિપાઠીના સાહિત્યમાં
રાજકીય કટાક્ષ : શ્રી ઉર્વીશ કોઠારી
બકુલ ત્રિપાઠીની
હાસ્યરચનાઓ : શ્રી રવીન્દ્ર પારેખ
સંચાલન : શ્રી જનક નાયક

**ત્રીજી બેઠક : તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, રાત્રે ૭.૩૦થી ૮.૦૦**

**પારિતોષિક વિતરણ**

અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ  સંચાલન : શ્રી ઉષા ઉપાધ્યાય

**ચોથી બેઠક : આસ્વાદ બેઠક**

બકુલ ત્રિપાઠીનો હાસ્યદરબાર : શ્રી ગુણવંત વ્યાસ

તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૦૦

મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**પાંચમી બેઠક : તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સવારે ૧૦.૦૦થી ૧.૦૦**

**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી મનસુખ સલ્લા

કવિતા : શ્રી સુધાબહેન ચૌહાણ

નાટક : શ્રી પ્રભુદાસ પટેલ

વિવેચન : શ્રી હેતલ ગાંધી

ચરિત્ર-સાહિત્ય : શ્રી પ્રશાંત પટેલ

અનુવાદ : શ્રી દર્શના ત્રિવેદી

સંચાલન : શ્રી નીતિન વડગામા

**છઠ્ઠી બેઠક : તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સમય ૩.૦૦થી ૬.૦૦**

**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી માધવ રામાનુજ

ટૂંકી વાર્તા : શ્રી દીવાન ઠાકોર

નવલકથા : શ્રી કેશુભાઈ દેસાઈ (૨૦૧૨)
શ્રી કનૈયાલાલ ભટ્ટ (૨૦૧૩)

નિબંધ : શ્રી કિશોરસિંહ સોલંકી

સંશોધન-સંપાદન : શ્રી પિંકી પંડ્યા

બાળસાહિત્ય : શ્રી મીનાક્ષી ચંદારાણા

સંચાલન : શ્રી કીર્તિદા શાહ

**સાતમી બેઠક : રાત્રે ૮.૩૦થી યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**

નાટક – અતિથિવિશેષ : શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી

**આઠમી બેઠક : તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવાર, સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

**સાહિત્યસ્વરૂપ : નવી સદીનાં નાટકો : પ્રવાહો અને પડકારો**

અધ્યક્ષ : શ્રી મહેશ ચંપકલાલ

અતિથિવિશેષ : શ્રી સતીશ વ્યાસ

બદલાતું નેપથ્ય : શ્રી પ્રવીણ પંડ્યા

ઐતિહાસિક, પૌરાણિક અને ચરિત્રકેન્દ્રી
નાટકો, નવી સદીમાં : શ્રી ધ્વનિલ પારેખ

'નવી' સદીમાં 'જૂનાં' નાટકો : શ્રી મહેન્દ્રસિંહ પરમાર

સંચાલન : શ્રી અજયસિંહ ચૌહાણ

**નવમી બેઠક : સમાપન બેઠક, બપોરે ૧૧.૩૦થી ૧૨.૩૦**

આભારદર્શન : યજમાન સંસ્થા વતી :

ગુજરાતી સાહિત્ય પરિષદ વતી : શ્રી પ્રફુલ્લ રાવલ

નોંધ : જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૩૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૨૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૫૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦% રકમ રૂ. ૨૫૦/- ભરવાના રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૦-૧૨-૧૪ સુધીમાં પરિષદ કાર્યાલય – અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

## પાક્ષિકી અંતર્ગત

તા. ૪-૯-૨૦૧૪ના રોજ પ્રફુલ્લ રાવલે ‘શીલાએ જાણ્યું અને...’ વાર્તાનું પઠન કર્યું હતું. અને વાર્તાકાર દીવાન ઠાકોરે ગિરીશ ભટ્ટની વાર્તા ‘સુગંધ’નો આસ્વાદ કરાવ્યો હતો.

તા. ૧૮-૯-૨૦૧૪ના રોજ શ્રી આરતી પટેલે ‘માનવતાના ખાતેદાર’ વાર્તાનું પઠન કર્યું હતું. અને વાર્તાકાર કિરીટ દુધાતે જનક ત્રિવેદીની વાર્તા ‘ચક્કર’નો આસ્વાદ કરાવ્યો હતો.

## એનીબહેન પ્રોત્સાહન નિધિ અંતર્ગત લેખિકાઓની વાર્તાવાંચન-ગોષ્ઠિ યોજાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન-નિધિ અંતર્ગત તા. ૩૦-૮-૨૦૧૪ના રોજ લેખિકાઓની સ્વરચિત વાર્તાવાચનની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જાણીતા વાર્તાકાર શ્રી રમેશ ર. દવે અને કિરીટ દુધાત ઉપસ્થિત રહ્યા હતા અને રજૂ થયેલી વાર્તાઓ અંગે તેમણે વિગતે ચર્ચા કરી, વાર્તાકલા-વાર્તાતત્ત્વોને અનુલક્ષીને માર્ગદર્શન આપ્યું હતું. સર્વશ્રી દૃષ્ટિ પટેલ, સુનિતા ચૌધરી, ગિરીમા ઘારેખાન, ઊર્મિ પંડિત વગેરે લેખિકાઓએ સ્વરચિત વાર્તાઓનું વાચન કર્યું હતું. કાર્યક્રમમાં અંદાજે ૨૦ જેટલી લેખિકા બહેનો ઉપસ્થિત રહી હતી અને વાર્તાવિષયક ખૂબ જ રસપ્રદ છણાવટ, પ્રશ્નોત્તરી થઈ હતી. બેઠકના પ્રારંભે પારુલ દેસાઈએ સહુને આવકારી ભૂમિકા રજૂ કરી હતી.

## ઉશનસ્ વ્યાખ્યાનમાળા અંતર્ગત

ગુજરાતી સાહિત્ય પરિષદ અને આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વ્યારાના સંયુક્ત મત ઉપક્રમે ઉશનસ્ વ્યાખ્યાનમાળામાં નર્મદ જયંતી નિમિત્તે ૨૩-૮-૨૦૧૪ના રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યે ડૉ. દક્ષાબહેન વ્યાસે ‘નિબંધકાર નર્મદ’ વિશે વક્તવ્ય આપ્યું હતું.

## પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત

ગુજરાતી સાહિત્ય પરિષદ અને લૅંગ લાઇબ્રેરી ટ્રસ્ટ સંચાલિત અરવિંદભાઈ મણિયાર પુસ્તકાલયના સંયુક્ત ઉપક્રમે પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત 'લોકસાહિત્યની સરવાણી અને મેઘાણી' એ વિષય પર રાજ્યના માહિતી આયોગના કમિશનર વી. એસ. ગઢવીએ તા. ૨૩-૯-૨૦૧૪ના રોજ વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે ઝવેરચંદ મેઘાણી અને તેનું સાહિત્ય તથા પત્રકારત્વ આપણો અણમોલ વારસો છે. મેઘાણી માત્ર પત્રકારત્વ, સાહિત્યકાર કે સમાજસેવક ન હતા. આ ત્રણેય બાબતોનો તેમાં સુભગ સમન્વય થયો હતો. સાહિત્ય અને પત્રકારત્વ થકી તેમણે સમાજ સેવાનું ઉત્તમોત્તમ કાર્ય કર્યું છે. આ કાર્યક્રમનું સંચાલન નીતિનભાઈ વડગામાએ જ્યારે આભારદર્શન પ્રવીણભાઈ રૂપાણીએ કર્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રોત્સાહિત સાહિત્યબેઠક

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રોત્સાહિત સાહિત્યબેઠક વડોદરાના દશરથ ખાતે તા. ૧૪-૯-૨૦૧૪ના રોજ યોજાઈ ગઈ. આ બેઠકમાં લેખકો, કવિઓ અને ગઝલકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્રીસ જેટલા સાહિત્યમિત્રોએ પોતાની કૃતિનું રસદર્શન કરાવ્યું હતું. જેમાં વાર્તા, કવિતા, ગઝલ અને લઘુનિબંધનું પઠન થયું. વડોદરામાં પ્રથમ વાર આ પ્રકારની બેઠકનું આયોજન થયું હતું. આ બેઠકનું સંચાલન અલ્પાબહેન જોશીએ કર્યું હતું. આ બેઠક ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત હતી.

## પરિષદના આગામી કાર્યક્રમો

### વિશ્વ કવિતા કેન્દ્ર અંતર્ગત

તા. ૧, ૮, ૧૫, ૨૨-૧૦-૨૦૧૪ના રોજ બુધસભા અને ૨૯-૧૦-૨૦૧૪ના વ્યાખ્યાન યોજાશે. સાંજે ૭.૦૦ કલાકે.

### આપણો કવિતાવારસો અંતર્ગત

સંયોજક : ઉષાબહેન ઉપાધ્યાય. તા. ૧૨-૧૦-૨૦૧૪ના રોજ શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ સ્વરચિત કાવ્યનું પઠન આસ્વાદ કરાવશે અને કેફિયત આપશે. સાંજે ૫.૦૦ વાગ્યે.